# વ્યાકરણ અને લેખન

## એકમ-2 : શબ્દભંડોળ

માનવસમાજને અરસપરસ વ્યવહાર કરવા માટે મળેલી કુદરતની બક્ષિસ ભાષા છે. ભાષા જ ન હોય તો?--આ વિચાર જ આપણને વિચારતા કરી દે છે. વ્યક્તિ પોતાનાં લાગણી, સંવેદના અને વ્યવહાર ભાષાના માધ્યમથી જ સમયસર અને સ્પષ્ટ રીતે કરી શકે છે. કોઈ વાત-વિચારનું અર્થગ્રહણ કરવા-થવા માટેનો નાનો એકમ વાક્ય ગણાય પણ વાક્ય એ શબ્દોનો સમુચ્ચય (સમૂહ) છે. આ શબ્દોની યોગ્ય અને આદર્શ ગોઠવણીથી જ ભાષા અને અર્થની સુંદરતા વધે છે.

1. અષાઢ મહિનાની વરસાદી રાતે દરિયાએ મર્યાદા ઓળંગી.

2. અષાઢની મેઘલી રાતે મહેરામણે માઝા મૂકી.

આ બંને વાક્યોમાં એક જ વાત કહેવાઈ છે પણ બીજું વાક્ય આપણને વધારે ગમે છે. મેઘલી, મહેરામણ, માઝા વગેરે શબ્દોની પસંદગીથી વાક્યની શોભા વધી છે એટલે કે વાક્યને એ શબ્દો આકર્ષક અને અસરકારક બનાવે છે એમ કહી શકાય.

દરેક ભાષાને પોતાનું શબ્દભંડોળ હોય છે. આપણી ભાષામાં પણ શબ્દોનો અખૂટ ભંડાર છે, એમાં વળી સમયાંતરે નવા-નવા શબ્દો ઉમેરાયા કરે છે. આધુનિક ટૅક્નોલૉજીને કારણે આજે કેટલાય શબ્દો પરભાષામાંથી આપણી ગુજરાતી ભાષામાં ભળી ગયા છે ઓગળી ગયા છે.

ટૂંકમાં, ભાષાનું અર્થસભર અંગ, શબ્દો, છે. શબ્દની પસંદગી અને યોગ્ય ગોઠવણીથી જ વાક્ય સુંદર લાગે છે અને વાક્ય દ્વારા જ સમગ્ર લખાણ અસરકારક બને છે. આપણે શબ્દોની નોંધપાત્ર વિશેષતાઓ વિશે થોડું જાણીએ :

■ **અનેકાર્થી શબ્દો : શબ્દ એક - અર્થ અનેક**

ફક્ત મૂળાક્ષરો-અક્ષરો-ને બાજુબાજુમાં ગોઠવી દેવાથી શબ્દ બનતો નથી. જેમાંથી અર્થ નીકળી શકે તેને ‘શબ્દ’ કહેવાય. ‘કી’, ‘ર’, ‘ફી’-આ ત્રણ અક્ષરોને બાજુબાજુમાં મૂકીએ તો ‘કીરફી’ થાય પણ ગુજરાતી ભાષામાં એનો કંઈ અર્થ છે? નથી. તો ગુજરાતી ભાષામાં આપણે તેને ‘શબ્દ’ કહીશું નહીં. હા, બીજી કોઈ ભાષામાં એનો અર્થ જો હોય, તો ‘કીરફી’ એ ભાષાનો શબ્દ કહેવાય પણ આ ત્રણ અક્ષરોની મદદથી ‘ફીરકી’ એવો શબ્દ બનાવીએ તો તે આપણી ભાષાનો શબ્દ કહેવાય. ટૂંકમાં, કોઈ પણ ભાષામાં અક્ષરોને ગોઠવવાથી જો તેનો અર્થ નીકળે તો જ તે ‘શબ્દ’ કહેવાય.

દરેક શબ્દ ઓછામાં ઓછો એક અર્થ તો ધરાવતો હોય છે જ પણ કેટલાક શબ્દો એકથી વધારે અર્થો પણ ધરાવે છે.

આ વાક્યો વાંચો :

(1) એક કહે : હદ થાય હવે, નહીં ભાંડુ વિજોગ ખમાતો. (‘મારા ફળીનાં ઝાડવાં બે’)

(2) તુલસી-દલથી તોલ કરો તો બને પવન-પરપોટો. (‘ભજન કરે તે જીતે’)

(3) સડકની એક બાજુ ઝાડોની હાર હતી.(પોસ્ટઑફિસ)

ઉપરના રેખાંકિત શબ્દોને તપાસો. ‘હદ’ એટલે ‘સીમા’, ‘મર્યાદા’, ‘અંત’- એવા એના અર્થો થાય પણ પ્રથમ વાક્યમાં આ ત્રણેયમાંથી એકેય અર્થ બંધબેસતો થતો નથી એટલે ‘હદ થાય’ એ શબ્દસમૂહ દ્વારા રૂઢ થયેલો ‘સહન થતું નથી’-એવો અર્થ આપણે લેવો પડે છે. બીજા વાક્યમાં ‘દલ’ એટલે ‘સમૂહ’, ‘પાંદડું’ એવા અર્થો થાય પણ અહીં ‘પાંદડું’ અર્થ બંધ બેસે છે. ત્રીજા વાક્યમાં રહેલા ‘હાર’ શબ્દના ‘પરાજય’, ‘હારમાળા’, ‘ફૂલની મોટી માળા’, ‘ગળામાં પહેરવાનું ઘરેણું’- એવા અર્થો થાય પણ અહીં હારમાળા એવો અર્થ યોગ્ય છે.

આ પ્રમાણે દરેક વાક્યમાં રહેલા શબ્દોના અર્થ કરતી વખતે તેનો બીજા શબ્દો સાથેનો અને સમગ્ર વાક્ય સાથેનો સંદર્ભ પામીને સમજવો જોઈએ. એ સંદર્ભ અનુસાર વાક્યનો અર્થ પામવો-માણવો જોઈએ. લખતી કે બોલતી વખતે આપણે પણ આ વિચારપૂર્વક શબ્દો વાપરવા જોઈએ. ઘણી વખત અયોગ્ય શબ્દને કારણે વાક્યનો વિપરીત અર્થ પણ થઈ જતો હોય છે.

દા.ત., ‘તે બહુ સારું બોલે છે’ આ વાક્યમાં ‘સારું’ની જગ્યાએ ‘વધારે’ શબ્દ પ્રયોજીએ તો- ‘તે બહુ વધારે બોલે છે’ નો

અર્થ 'ડહાપણ વધારે કરે છે' એવો થાય. આપણો અર્થ એમ કહેવાનો ન હોય, પણ ઉતાવળથી એકને બદલે બીજો શબ્દ વાપરવાથી બીજાને દુઃખ થાય એવું બનવા પામે છે એટલે તો આપણી ભાષામાં કહેવાયું છે,

''પડે ચડે જીભ વડે જ પ્રાણી, વિચારીને યાર ઉચ્ચાર વાણી! ''

■ **વર્ણસામ્ય ધરાવતા શબ્દો :**

લખાણમાં ઘણી વખત જે-તે વર્ણનાં યોગ્ય શૈલી-મરોડ નહીં થવાને કારણે તે ખોટી રીતે છપાઈ જાય છે અને પછી તેની પરંપરા ઊભી થાય છે, પરિણામે ખોટો ઉચ્ચાર સર્વત્ર વ્યાપી જાય છે. સમયાંતરે તે ખોટો ઉચ્ચાર અને લખાણ જ સાચાં માની લેવાય છે.

<u>સ અને શ</u>

'સાર' (સારાંશ, મદદ, લાભ)ને બદલે 'શાર' (કાણું, છિદ્ર) ઉચ્ચાર થાય છે. 'નુકસાન'ની જગ્યાએ નુકશાન લખાય છે અને ખોટો ઉચ્ચાર થાય છે. 'સરતચૂક' (ભૂલચૂક) ને બદલે 'શરતચૂક' એવો ખોટો ઉચ્ચાર અને ખોટું લખાય છે. 'શરત' એટલે 'બોલી', 'કરાર', 'શરતભંગ' શબ્દ છે, પણ 'શરતચૂક' એમ ન લખાય.

દા. ત; મારી સરતચૂકથી તેને ત્યાં લગ્નમાં જવાનું રહી ગયું. (અહીં 'શરતચૂક' ન લખાય.)

<u>ધ અને ઘ</u>

'મેધા' એટલે બુદ્ધિ; 'મેઘા' એટલે મેઘ (વરસાદ). પણ મોટે ભાગે 'મેધાવી'ના બદલે 'મેઘાવી બાળકો' એવું અશુદ્ધ રૂપ વપરાય છે. અશ્વમેધ (અશ્વનો વધ), યજ્ઞને બદલે 'અશ્વમેઘ' એમ શબ્દનો ખોટો વપરાશ થાય છે.

ઘૃણા(તિરસ્કાર)ને બદલે 'ધૃણા' (કશો અર્થ નથી) અને ઘૃત(ઘી)ની જગ્યાએ ધૃત (પકડી રાખેલું) વપરાશમાં ખોટી રીતે ઉચ્ચારાય-લખાય છે.

એવાં થોડાંક ઉદાહરણો જોઈએ :

| **અશુદ્ધ** | **શુદ્ધ** | **અશુદ્ધ** | **શુદ્ધ** | **અશુદ્ધ** | **શુદ્ધ** |
|---|---|---|---|---|---|
| જલ્દી | જલદી | પરાકાષ્ટા | પરાકાષ્ઠા | પત્થર | પથ્થર |
| રેલ્વે | રેલવે | જાગ્રતિ | જાગૃતિ | શ્રેષ્ટ | શ્રેષ્ઠ |
| મિલ્કત | મિલકત | ગણત્રી | ગણતરી | વ્યાજબી | વાજબી |
| આર્યુવેદ | આયુર્વેદ | પૃથ્થકરણ | પૃથક્કરણ | ડાભૂં | ડાબું |
| ઉતારૂ | ઉતારુ | મનોરમ્ય | મનોરમ | તૃતિય | તૃતીય |
| ઉપીયોગી | ઉપયોગી | પ્રસંશા | પ્રશંસા | નિરસ | નીરસ |
| કિલ્લોલ | કલ્લોલ | રુબરુ | રૂબરૂ | નિરાભિમાની | નિરભિમાની |
| ઓગષ્ટ | ઑગસ્ટ | શિરિષ | શિરીષ | નીતિવાન | નીતિમાન |
| ઓકટોમ્બર | ઑકટોબર | ટૂકડો | ટુકડો | શિર્ષક | શીર્ષક |
| ગૃપ | ગ્રુપ | જીલ્લો | જિલ્લો | સહસ્ત્ર | સહસ્ર |
| ઘેરહાજર | ગેરહાજર | ચુંટણી | ચૂંટણી | સુશ્રૂષા | શુશ્રૂષા |

એવી જ રીતે જોડાક્ષરોની શાસ્ત્રીય રીતનો ખ્યાલ ન હોવાને કારણે જોડાક્ષરો ખોટી રીતે લખાય છે અને પછી ખોટી રીતે જ તે ઉચ્ચારાય છે. ગુજરાતી લિપિના તમામ જોડાક્ષરોનો અભ્યાસ કરવાથી શુદ્ધ રીતે શબ્દો લખવાની ક્ષમતા કેળવાય છે અને પરિણામે શુદ્ધ ઉચ્ચારણ પણ સમજપૂર્વક કરી શકાય છે. તમારે આવા જોડાક્ષરો વિશે શિક્ષકની મદદથી જાણવું ખૂબ જ જરૂરી ગણાય. અહીં થોડાંક ઉદાહરણ જોઈએ.

| | |
|---|---|
| સ્ + ર = સ્ર | સ્રો, સ્રાવ (વહેવું). હિંસ્ર (હિંસક), સ્રગ્ધરા (એક છંદ) |
| સ્ + ત્ +ર = સ્ત્ર | સ્ત્રી, શસ્ત્ર, વસ્ત્ર, અસ્ત્ર, મિસ્ત્રી, |
| દ્ + ધ = દ્ધ | યુદ્ધ, પદ્ધતિ, વૃદ્ધ, શુદ્ધ, સિદ્ધિ, રિદ્ધિ, સમૃદ્ધિ, શ્રદ્ધા, યોદ્ધો, સિદ્ધાંત, પ્રબુદ્ધ વગેરે |
| ધ્ + ધ = ધ્ધ | અધ્ધર, સધ્ધર, સુધ્ધાં, ઓધ્ધો (હોદ્દો), સિધ્ધાર્થ, ગધ્ધાવૈતરું, જોધ્ધો વગેરે |

ગુજરાતી ભાષામાં 'એ' અને 'ઓ' ઉચ્ચારણ કરતી વખતે જો બંને હોઠ વચ્ચેનું અંતર વધારે હોય તો તે બંને ઉચ્ચારણો વિવૃત ગણાય છે. તેને અવળી માત્રા ( ॅ )વડે દર્શાવાય છે. (તે રેફ નથી) અને જો બંને હોઠ વચ્ચેનું અંતર ખાસ વધુ ન હોય તો તે સંવૃત ઉચ્ચારણ કહેવાય છે. તે સવળી માત્રા ( ે ) વડે દર્શાવાય છે. આ બંને ઉચ્ચારણોમાં ભેદ હોવાથી બંનેના અર્થો પણ જુદા થાય છે.

| **સંવૃત** | **વિવૃત** |
|---|---|
| મોર (એક પક્ષી) | મૉર (આંબાનો કોર) |
| ગોળ (ગોલક) | ગૉળ (ખાવાનો પદાર્થ) |
| ચોરી (તસ્કરી) | ચૉરી (લગ્નવેદી) |
| શોક (દુઃખ) | શૉક (આંચકો) |
| બોડી (ઉઘાડી, વિધવા) | બૉડી (શરીર) |

આ પ્રમાણે અનુસ્વાર લખવામાં પણ પૂરી ગંભીરતા નહીં લેવાથી ઘણી વખત ખોટી જગ્યાએ મુકાઈ જાય છે, પરિણામે ખોટું ઉચ્ચારણ થાય છે અને પછી વ્યવહારમાં ખોટા ઉચ્ચારનો વ્યાપ વધતો જાય છે, જુઓ :

'આતંકવાદી' એટલે આતંક (ભય) ફેલાવનાર, તેની જગ્યાએ 'આંતકવાદી' એવું ખોટું લખાય-બોલાય છે.

પ્રિયંવદા એટલે મીઠું બોલનારી, એની જગ્યાએ 'પ્રિયવંદા' થઈ જાય છે. શકુંતલાની જગ્યાએ શંકુતલા, સારુ (માટે)ની જગ્યાએ સારું (સુંદર) વપરાય છે. આવા ઘણા શબ્દો છે, જેનો યોગ્ય-સાચો ઉચ્ચાર કરી અનુસ્વાર કયા અક્ષર પર મુકાયું છે તેનો ખ્યાલ રાખવાથી ભૂલો નિવારી શકાય છે.

**■ રૂઢિપ્રયોગો :**

કોઈ પણ વાત રજૂ કરનારનો આશય વાતને અસરકારક અને ચોટદાર બનાવવાનો હોય છે. એમ કરવા માટે તે એવા બળકટ શબ્દોનો ઉપયોગ કરવાનો ઇરાદો રાખે છે. વપરાયેલા આવા શબ્દો પછીથી કાયમી, સહુના વપરાશમાં આવી જાય છે. તે રોજબરોજના વ્યવહારમાં વપરાતા થઈ જાય છે. ક્યારેક એવું બને છે કે આવા બે કે તેથી વધુ શબ્દો ભેગા કરીને કોઈ એક વિશેષ અર્થમાં તેને પ્રયોજે છે. આવા શબ્દો કે શબ્દસમૂહો પણ પછીથી વિશિષ્ટ અર્થ સાથે વ્યવહારુ બની જાય છે. તે કોશગત અર્થથી જુદો જ અર્થ ધરાવતા હોય છે, પણ કોશમાન્ય અર્થથી દૂર જઈને તે અમુક અર્થ દર્શાવે છે, પછીથી જનસમૂહ માટે તે ખૂબ જાણીતા થઈ પડે છે. ચલણમાં તે રૂઢ થઈ જાય છે. આવા જાણીતા રૂઢ શબ્દસમૂહો એટલે રૂઢિપ્રયોગો.

બેસી ગયો, બેઠો રહ્યો, બેસી જવું, મનમાં બેસવું વગેરે શબ્દો-શબ્દસમૂહોના અર્થ આપણે જાણીએ છીએ, પણ-

આ દિવસોમાં મંદી હોવાથી તે 'ઘેર બેસી રહે છે.' અહીં ઘેર બેસી રહેવું એટલે 'બેકાર હોવું' એવો અર્થ સમજાય છે. પેપર અઘરું હતું એટલે 'પાણીમાં બેસી ગયો'. અહીં બેસી રહેવું એટલે 'હિંમત હારી જવી' એવો અર્થ થાય છે. કૌશિકને વાતમાં કંઈ બંધબેસતું લાગ્યુ નહીં, સમજાયું નહીં એવો અર્થ થાય છે.

આ પ્રમાણે વાક્યના સંદર્ભ સાથે આ રૂઢિપ્રયોગો વિશેષ અર્થમાં છે. સમયાંતરે સંદર્ભ વિના પણ તે પોતાનો ધારેલો અર્થ પ્રગટ કરી શકે તેટલા સાર્વત્રિક બની જતા હોય છે. આપણે આવા થોડા રૂઢિપ્રયોગો જોઈએ :

(1) અગિયારા ગણવા - ભાગી જવું

પોલીસની ગાડીની સાયરન વાગતાં જ લૂંટારાઓ અગિયારા ગણી ગયા.

(2) હવનમાં હાડકાં નાખવાં - સારા કામમાં દખલ કરવી

શાળાના બાંધકામમાં કોઈએ હવનમાં હાડકાં શા સારુ૧૨૩ નાખવાં?

(3) ચોખા મૂકવા - નિમંત્રણ આપવું

લક્ષ્મીચંદ એમની દીકરીના લગ્ન નિમિત્તે સાહેબને ત્યાં ચોખા મૂકવા આવેલા.

(4) પેટનું પાણી પણ ન હાલવું - કશી જ અસર ન થવી

વાવાઝોડું આવી રહ્યું છે એવા સમાચાર જાણ્યા પછી પણ કાનદાસના પેટનું પાણી ન હાલ્યું.

(5) મોં ભરવું - લાંચ આપવી

તમારે જો આ કામ કરાવવું હોય તો અમલદારસાહેબનું મોં ભરવું પડશે.

(6) હાથ મારવો - ચોરી કરવી

સહુ તો લગ્નવિધિમાં પડ્યા હતા અને કોણ જાણે ઘરેણાં પર કોઈ હાથ મારી ગયું.

પાઠ્યક્રમમાં વપરાયેલા રૂઢિપ્રયોગો જુઓ.

(1) બા મને પકડવા આવી ત્યારે બંદા તો પોબારા ગણી ગયા. (અમૃતા) બાના નાનપણની એક ઘટના, લેખક બાને વર્ણવે છે અને તેના ભોળપણ પર હસે છે ત્યારે બા મસ્તીથી લેખકને સ્નેહપૂર્વક પકડે છે અને લેખક દૂર નાસી જાય છે. આ વાતને લેખક રેખાંકિત રૂઢિપ્રયોગથી તાદૃશ કરે છે.

(2) મારા લગ્નની તૈયારીઓના પાશેરાની પહેલી પૂણી હતી. (અમૃતા) અહીં લગ્નની તૈયારીઓની શરૂઆત થઈ ચૂકી હતી એમ સૂચવાયું છે.

(3) (અમુ જતાં) કુટુંબનું જાણે માંગલ્ય મરી ગયું. (અમૃતા) અમુની વિદાયથી કુટુંબ ઉપર અસહ્ય વેદના ફરી વળી એમ સૂચવવા આ પ્રયોગ થયો છે.

આ રીતે તમારા પુસ્તકની કૃતિઓમાં આવો વિશિષ્ટ અને રૂઢ અર્થ ધરાવતા શબ્દસમૂહો અહીં-તહીં રહેલા છે. 'થોડામાં ઘણું' કહી જતા આવા રૂઢિપ્રયોગો એ ભાષાનું સૌંદર્ય છે ભાષાનું અસરકારક શબ્દભંડોળ છે ભાષાની સંપત્તિ છે,

**■ સામાસિક શબ્દો :**

બે કે તેથી વધારે શબ્દોનું પાસ-પાસે આવીને જોડાવું એટલે સમાસ.

આપણે ઘણી વખત બે સ્વરો કે વ્યંજનોની સંધિ કરી-જોડીને, ટૂંકું કરીને બોલીએ છીએ. એ રીતે શબ્દોની વચ્ચે રહેલા પ્રત્યયો, નામયોગીઓ વગેરે દૂર કરીને શબ્દો ભેગા કરવા એટલે સમાસ કર્યો કહેવાય. આ પદો એટલે જ સામાસિક પદો.

સમાસનો પરિચય તમે ધો. ૯ અને ૧૦માં કર્યો છે. તેના વિવિધ પ્રકારો વિશે પણ તમે સમજો છો.

(1) પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે એટલે **રાત અને દિવસ** થાય છે.

(2) **ટપાલ નાખવાની પેટીમાં** તેણે પોસ્ટકાર્ડ નાખ્યું.

(3) **કામને પૂર્ણ કરનારી ધેનુ (ગાય)** સમુદ્રમંથનમાંથી પ્રાપ્ત થઈ.

(4) **જેની ઉપમા ન આપી શકાય તેવું** સૌંદર્ય હિમાલયનું !

(5) **રાત્રિના મધ્યભાગે** ધીમે-ધીમે વાવાઝોડાએ મંડાણ માંડ્યાં.

ઉપરનાં વાક્યોમાં રહેલાં ઘાટાં પદો તપાસો. પ્રથમ વાક્યમાં રાત અને દિવસ એ પદોની જગ્યાએ 'રાત-દિવસ' મૂકીએ એટલે - 'પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે એટલે રાતદિવસ થાય છે' એમ વાક્ય થયું. એ મુજબ ક્રમશઃ રેખાંકિત પદોની જગ્યાએ સામાસિક પદો 'ટપાલપેટી,' 'કામધેનુ,' 'અનુપમ' અને 'મધરાતે' પદો મૂકીને વાક્યો ફરી લખો.

વાક્યમાં સામાસિક શબ્દો પ્રયોજવાથી વાક્ય ટૂંકું, સચોટ બને છે અને એથી અર્થગ્રહણ સરળતાથી થઈ શકે છે.

**■ સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો :**

વાક્યને વધારે ચોટદાર બનાવવા, વાક્યમાં ચમત્કૃતિ લાવવા અને તેને અસરકારક બનાવવા ઘણી વખત જે-તે શબ્દના અર્થની સમાનતા ધરાવતા શબ્દની જરૂર પડે છે. આવો શબ્દ વાક્યના અન્ય શબ્દો સાથે પ્રાસયુક્ત થતો હોવાથી વાક્ય વધારે સુંદર બને છે. જુઓ :

(1) 'હસીને **હરિ** હેઠા બેઠા રામ અશરણશર્ણ.' (નાવિક વળતો બોલિયો) આ પંક્તિમાં હરિની જગ્યાએ 'ઈશ', 'વિભુ', 'રામ' એવા શબ્દો મૂકીને આ પંક્તિ બોલી જુઓ. **હરિ** શબ્દ પસંદ કરતી વખતે કવિએ રામ શબ્દના બધા જ સમાનાર્થીઓ વિચાર્યા પછી જ 'હરિ' શબ્દની પસંદગી કરી હશે. 'હ' અક્ષરનો પ્રાસ-'હસીને હરિ હેઠા બેઠા'માં આબાદ રીતે ઊપસી આવ્યો છે. આ જ છે કવિનું કર્મ.

(2) પળે છે **પંથે** પોતાને શબોની વચમાં થઈ. (પરાજયની જીત) અહીં પંથની જગ્યાએ 'માર્ગ','રસ્તો' વગેરે શબ્દો મૂકી શકાય તોપણ અર્થ એ જ રહે, પણ એનો સમાનાર્થી શબ્દ 'પંથ' મૂકી કવિએ વર્ણાનુપ્રાસ અલંકાર રચ્યો છે અને પંક્તિને લય-તાલબદ્ધ કરી છે.

(3) રાજા આજે અનુભવ કરે અંતરે કો **અપૂર્વ.** (પરાજયની જીત) આ પંક્તિમાં પણ 'અ'નો પ્રાસ મેળવવા કવિએ સમાનાર્થી શબ્દો મેળવવાનો પ્રયત્ન કરવો પડ્યો હશે; પછી જ અનુભવ, અંતર, અપૂર્વ-એવા શબ્દો પસંદ કરી મૂક્યા હશે. પૂર્વે રાજાને જેવો અનુભવ થયો હશે એવો અનુભવ આ નથી જ એટલે વિરોધી શબ્દ 'અપૂર્વ' પસંદ કરીને કેટલાય શબ્દોના બદલે આ 'અપૂર્વ' શબ્દ મૂકી પોતાની વાત રજૂ કરી. આમ, વિરોધી શબ્દો દ્વારા વાક્ય-પંક્તિમાં લાઘવ (ટૂંકાપણું) અને પ્રાસ બંને લાવી શકાયાં છે. દરેક અલંકાર, છંદ અને સમાસ દ્વારા વાક્યને સુંદર બનાવવા માટે શબ્દભંડોળ ખૂબ જ ખપમાં આવે છે.

■ **ઉપસંહાર :**

આપણે જોયું કે વાક્યને સુંદરતા આપવા માટે મહત્ત્વનું પ્રદાન શબ્દોનું છે. વિવિધ પૂર્વ પ્રત્યયો, સમાસ, રૂઢિપ્રયોગો, સમાનાર્થી શબ્દો, વિરોધી શબ્દો-આ બધાની જાણકારી અને મહાવરાથી જ વાક્ય સચોટ, અને અસરકારક બનાવી શકાય છે.

તમે જ્યારે કોઈ પણ વિષયનું વાંચન કરો ત્યારે તમે નવા શબ્દોની નોંધ લેતા જશો તો તમારી લેખનશક્તિ ધીરે ધીરે અવશ્ય સારી બની શકે છે. કોઈ નવો શબ્દ જણાય તો શબ્દકોશનો ઉપયોગ કરીને તેના અર્થ સુધી પહોંચવાનો પ્રયત્ન તમારે કરવો જોઈએ. શબ્દભંડોળ જેનું સારું તેનાં વકતૃત્વ અને લેખન સારાં જ હોય.

## સ્વાધ્યાય

**1. નીચેનાં વાક્યોમાં ઘાટા શબ્દો એકથી વધુ અર્થ ધરાવે છે, તેના અર્થો જણાવો. અહીં યોગ્ય અર્થ મૂકી વાક્ય ફરીથી લખો :**

(1) અલીડોસા દીકરીના સમાચારની **રાહ** જોતા હતા.
(2) પોસ્ટમાસ્તરે અલીભાઈ તરફ **લક્ષ** ન આપ્યું.
(3) સફાઈ કરવી એ અણદાની **ધૂન** હતી.
(4) સાઈકલવાળાને હરિયાએ પૈસા લેવા માટે **તાણ** કરી.
(5) શહેરના રસ્તાઓ **પાકા** અને મજબૂત હતા.
(6) તમે દૂર જશો **મા**, બાપા હવે આ આવ્યા.

**2. નીચેનાં વાક્યોમાં ઘાટાં પદોના સ્થાને રહેલો શબ્દ ખોટો હોય તો સુધારીને વાક્યો ફરીથી લખો :**

(1) **મેઘાવી** બાળક ભણતર ઝડપથી ગ્રહણ કરી લે છે.
(2) રામના નામે **પત્થરો** તર્યા એવી કહેણી છે.
(3) **શરતચૂક** થઈ એટલે હું આપને ત્યાં ફરીથી આવ્યો.
(4) આ આખીયે વાર્તાનો **શાર** કહેશો?
(5) આ ઓરડો **બાધવા** માટે સરકારે રકમ આપી છે.
(6) ગામને પાદર સળગતી **ચિંતા** જોઈ સૌને **ચિતા** થઈ.
(7) ચૂંટણીમાં પચાસ ટકા જગ્યાઓ બહેનો માટે **અમાનત** રાખી છે.
(8) તે માણસ **હોંશિયાર** છે અને વૈદકશાસ્ત્રના **નિષ્ણાંત** છે.
(9) 'માણસ'થી કદી **આંતકવાદ** ફેલાવી શકાય ખરો?
(10) યુદ્ધમાં **યોધ્ધાઓએ સહસ્ત્ર** માણસોનો **સંહાર** કર્યો.

**3. તમારા પાઠ્યપુસ્તકમાંથી કોઈ પણ દસ રૂઢિપ્રયોગોના અર્થ લખી તેનો મૌલિક (કૃતિ બહારનો સંદર્ભ ધરાવતાં) વાક્યોમાં પ્રયોગ કરો.**

**4. નીચનાં વાક્યોનો અર્થ ફરે નહીં તે રીતે ઘાટા શબ્દોના સ્થાને તેનો વિરોધી શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો :**

(1) **ડાહ્યો** માણસ બધું જ કામ વિચારપૂર્વક કરે છે.
(2) શહેરના રસ્તાઓ **પાકા** અને **સાંકડા** હોય છે.
(3) ઘરનું દ્વાર **બંધ** છે અને નળ **બંધ** નથી.
(4) ઉપકારનો બદલો ઉપકારથી વાળનાર **કૃતજ્ઞ** કહેવાય.
(5) બંધન કોઈને ગમે ખરું? સહુને **સ્વાધીન** થવું છે.
(6) **સુજ્ઞ** માણસ ટૂંકમાં જ બધી વાત સમજી જાય છે.

**5. પાઠ્યપુસ્તકમાંથી વીસ સામાસિક શબ્દોની યાદી બનાવો, એનો યોગ્ય વિગ્રહ કરી તેનો પ્રકાર જાણો.**

•